**નંબર–૮**

# નોટિસ પેપર ભાગ–૧

# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ

# પંદરમી ગુજરાત વિધાનસભા

# આઠમું સત્ર

# સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

## ૧. સરકારી વિધેયકો :

### (અ) દાખલ કરવા માટેનાં વિધેયકો :

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૪) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા.

(૫) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

### (બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો :

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૪) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા.

(૫) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

## ૨. બિન–સરકારી કામકાજ :

### બિન–સરકારી વિધેયક :

### (અ) દાખલ કરવા માટેનું વિધેયક :

માનનીય સભ્યશ્રી ગોપાલ ઇટાલીયાનું સન ૨૦૨૬નું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક.

## ૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) :

### માનનીય સભ્યશ્રી ચૈતન્ય દેસાઇ

શહેરીકરણને જ્યારે પડકાર ગણવામાં આવતો હતો ત્યારે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. વર્ષ ૨૦૦૫ની સફળતાને પગલે મોડર્ન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫ને “શહેરી વિકાસ વર્ષ” તરીકે ઊજવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ રાજ્યના શહેરી વિકાસ વિભાગના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને લોકોની સુખાકારી વધારવા માટે અનેકવિધ

પ્રકલ્પોના વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાના હોદ્દેદારોને તેમણે દરેક વિકાસકામ સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂક્યો છે. તેથી જ ગુજરાતમાં શહેરી વિકાસનું બજેટ, જે અગાઉ વર્ષ ૨૦૦૫-૦૬માં રૂ.૬૬૦ કરોડ હતું, તે વધીને વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૨૧,૬૯૬ કરોડ અને ૨૦૨૫-૨૬માં રૂ.૩૦,૩૨૫ કરોડ થયું, જે શહેરી વિકાસ વર્ષમાં આશરે ૪૦%નો વધારો દર્શાવે છે.

ગુજરાતે દેશમાં શ્રેષ્ઠ શહેરી વિકાસ મોડેલ રજૂ કર્યાં છે અને શહેરીકરણના પડકારોને અવસરમાં ફેરવવાનો નવો માર્ગ દર્શાવ્યો છે. ગુજરાતમાં શહેરી વિકાસ માટે તમામ શક્ય સ્ત્રોતો થકી શહેરી વસ્તીને વધુ સારી જીવનશૈલી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કાર્યરત રહે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**